અંત્યજ ભાઈઓને સંદેશ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ખુશાલભાઇ જાદવ વિસનગરવાળા.

(તે હાલ મોહંમદ અમીન માસ્તર)

રાંદેર જીલ્લે સુરત.

આવૃત્તિ ૧ લી.] [પ્રત ૨૦૦૦.

રાંદેર મેહફીલે ઇસલામ કુતુબખાનાના દાવતુલ ઇસલામ
તરફથી [illegible] ૮.

છાપનાર

ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયક.

શ્રી અનાવિલ બંધુ પ્રી. પ્રેસ, બરાનપુરી ભાગળ, ભાજીવાળી
પોળ, અનાવિલ લોજની બાજુમાં,—સુરત.

૧૩૬૦૭
ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
No. 193 Received on 15-9-27
Deputy Collector,
Surat.
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

"અંત્યજ ભાઈઓને સંદેશ."

વિસમી સદી એ ઉન્નતિની સદી છે આજે દરેક માણુસ અને દરેક કોમ ઉન્નતિના તરફ વધતી જાય છે જેઓ જંગલી હતા, તેઓ સુધર્યા જેઓ અજ્ઞાન હતા તેઓ વિદ્વાન બન્યા છે. પરંતુ એક આપણી ૭ કરોડની અંત્યજ કોમજ એવી છે કે તેઓ જે નિર્લજ અવસ્થામાં ન હિંદુ કે, ન, મુસલમાન એવી સ્થિતીમાં પડી રહી છે અને કુતરા, બિલાડાં, પશુ પંખીથી પણુ નિચ ગણી, હિંદુઓ છેટે રાખે છે. એટલુંજ નહિં પણુ નરકના ઠિંકરાથી પણુ તમને છેટે રાખે છે તો શું ? તમો મનુષ્ય અવતાર હોઈ ઉપરની બાબતોથી, પણુ હલકા દરજ્જાના છો ? તેનો કંઇ જરાક તો વિચાર કરો ?

હિંદુ જાતિએ પોતાની સ્વાર્થ બુધ્ધિને સંકુચિત દ્રષ્ટિના લીધે અંત્યજ જાતિને જાનવરોથી પણુ નઠારી દશામાં રાખવા માટે આપણા પર જે જુલ્મો જે અત્યાચારો ગુજાર્યા છે ને હજુ લગી જે અન્યાયને ગેર-વર્તણુંક આપણી સાથે ગુજારી રહ્યા છે તે સર્વ વાત. સૂર્ય જેમ પ્રકાશિત છે, એ, કહેવાતી હિંદુ ઉંચ

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૧૩૫૦૭ वर्गांक

पुस्तकनुं नाम અંત્યજ ભાઈઓને સંદેશ

विषय [illegible]

જાતિના વાસણમા, કુતરો મુતરે તો તે અભડાય કે અપવિત્ર થાય નહિં, પરંતુ અંત્યજ હાથજ અડકે તો અભડાઇ જાય, અને જો તે માટીનું હોય તો ફોડી નાખે અને ત્રાંબા પિત્તળનું હોય તો તે વાસણ ફોડી તોડી નાખી દે, અને ભૂલથી પણ અડકનાર પાસેથી ડબલ પૈસા લે, અને અપમાન કરે તે નફામાં. બીજું અંત્યજ કુવા પર પાણી ભરી ના શકે. મંદિરની તો નજીક પડછાંયો પણ ના પડે તેટલે છેટે રહેવું પડે. આવાં અનહદ દુખો હિંદુ કોમમાં ગણાતા સાત કરોડ અંત્યજોને ગમે છે? કદીજ નહિં. તો ભાઈઓ જ્યારે હાલનાં સુધરેલા રાજ્યોમાં જ્યારે કોઇ પણ નાત જાતના ભેદ સિવાય તમને દરેક સ્થળે છૂટ હોવા છતાં, ઉંચ જાતિમાં ગણાતા હિંદુઓ તમને વ્યપાર વ્યવહારમાં હરવા ફરવામાં તેમજ મુસાફરીમાં તમારૂં કેટલું અપમાન કરે છે, તે આપ સર્વ ભાઈઓ રાત્રી દિવસના અનુભવથી જાણતા હશોજ. દેશ નેતા મહાત્મા ગાંધી તેમજ શ્રીમંત મહારાજા સાહેબ સર સયાજીરાવ ગાયકવાડ અછુત ઉદ્ધારની [illegible] કરી થાકી ગયા. પણ એ હિંદુ જાતિ પર કંઈએ અસર થઈ નથી. ઉલટું આર્ય ધર્મની નવી અફવા ઉડી આપણી વધુ ખરાબીમાં જોડાવા પ્રયત્નો કરે છે. કારણ શ્રીમંત કૃપાળુ મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડે પોતાના રાજ્યમાં

ચારે પ્રાન્તોમાં અંત્યજ બોર્ડિંગ હાઉસો, સ્થાપી છે. તેમાં નિરાધાર છોકરા છોકરીઓને ખાવાપીવા અને રહેવાનું સ્થાન આપી દેશી તેમજ ઉંચી કેળવણી આપે છે. તેમાં દિલગીરી તો એજ કે આવી બોર્ડિંગ હાઉસમાં જ્યારે કોઈ ગુજરાતી, અંગ્રેજી ભણી જે કન્યા હોશિયાર થાય છે. તેને અંત્યજોમાં, લાયક વર હોવા છતાં કોઈ ઉજળીયાત હિંદુ, કન્યા વગરનો ભટકતો હોય છે. તેને પરણાવી દે છે તો પછી આતે અંત્યજોની ઉન્નતિ કે અધોગતિ! ઉપરનો બનાવ બનવાનું મુખ્ય કારણ વડોદરા અંત્યજ બોર્ડિંગ હાઉસનો મુખ્ય આગેવાન તેમજ ઉપરની સંસ્થામાં પણ મુખ્ય કામ કરનાર આર્યજ હોવાથી તે પ્રમાણે બને છે. અંત્યજોમાં જે કન્યાઓ આ પ્રમાણે સુધરેલી હોય છે કે જેઓ કૌમમાં પરણી પોતીકી અંત્યજ કૌમને સુધારી શકે છે. તેઓને સ્ત્રી લોભથી આર્ય બનેલા અજ્ઞાન પુરૂષના ખીલે બાંધી દેવામાં આવે છે. આથી થાય છે શું ? અંત્યજોમાં કન્યાઓનો ઘટાડો થાય છે. એટલુંજ નહીં પણ આ રીતે અભણને નાલાયક આર્ય પતિને સોંપાયલી કન્યાઓની અધોગતિ થાય છે. આ કેટલી શરમ ભરેલી દશા છે! ઉજળીયાત ઉંચ હિંદુમાંથી ઉંચી કેળવણી લીધેલા એક પણ અંત્યજને એક પણ કન્યા આપવાનો દાખલો હજુ બન્યો નથી, આ સંબંધે

વડોદરા આર્ય સુધારકના તંત્રી મી. નાનાલાલ વર્માને મેં પૂછ્યું કે અંત્યજોની સુધરેલી કન્યા ઉંચ હિંદુઓને આપો છો પણ ઉંચ જાતિની એક કન્યા ઉંચી કેળવણી લીધેલા અંત્યજને તો આપો? જવાબ કંઈ નહીં. વળી તમો આર્ય બની જનોઇ પહેરો વેદમંત્ર ભણો. દારૂ માંસ વિગેરે દુર કરો તો પણ તે હિંદુ જાત તમને કન્યા તો શું? પણ અડકવા સરખાએ દેશે નહિં. વળી આજકાલ રેલ્વે મુસાફરીમાં ગાડીમાં બેસે છે. અને બીજા ઉંચ હિંદુઓ પૂછે છે કે તમો શી જાતે છો? ત્યારે તે કહે કે હું આર્ય, અથવા કોઇ કહે હું ખ્રિસ્તી. ત્યારે તુર્તજ પેલા માની બેસે છે કે એતો ઢેડો? ઢેડો? કહી અપમાનથી હુંકારી કાઢે છે. આવા દાખલા જેણે રેલ્વેની લાંબી મુસાફરી કરી હશે તેને તો તુર્તજ યાદ આવશે. ત્યારે હવે આપણે આવી દુખદ અને નિર્લજ દશામાં કયાં સુધી પડી રહેવું જોઇએ?

બ્રાહ્મણ મનુષ્ય છે અને તમે પણ મનુષ્ય છો. પરંતુ બ્રાહ્મણ એટલા માટેજ તમને ધિક્કારે છે કે તમે ધર્મે હિંદુ ને જાતે અંત્યજ છો ત્યારે હવે આપણે આપણી જાત અને ઓલાદને, આ દુઃખ દશા અને નામોશીના ઉંડા ખાડામાંથી કાઢવા શું કરવું જોઇએ!

અંત્યજોની ફરજ.

આ પતિત દશામાંથી નિકળવા માટે આપણે હિંદુ જાતિની મનોદશા તો બદલી શકતા નથી. કારણ તેઓનો ધર્મજ આપણને હલકા ગણે છે તેઓનો કુદરતી સ્વભાવને સંસ્કૃતી એવીજ છે કે તેઓ અછુતના નામથી પોતાનાં નસ્કોરાં ચઢાવીજ મૂકે છે. અને આવા સંજોગોથીજ આપણે આપણી દશા સુધારી શકયા નથી. ત્યારે હવે આપણને આપણી દશા બદલવા માટે કોઇ એવા ધર્મ તરફ નજર કરવી પડશે કે, જે ધર્મમાં ભળવાથી આપણી સામાજીક, રાજદ્વારી અને આર્થિક, તેમજ ધાર્મિક ઉન્નતિ થાય. અને આપણાં અપમાન, ને દુખી દશાનો અંત આવે, અને આ લોક ને પરલોકમાં સુખ પ્રાપ્ત થાય. આપણે જો ખ્રિસ્તી ધર્મ લઇએ, તો પણ આપણે હિંદુઓ આગળ તો અંત્યજ નામથીજ પોકારાવાના, એટલુંજ નહિં પરંતુ પશ્ચિમના ગોરા બ્રાહ્મણ (યુરોપીયન) આપણને ખ્રિસ્તી ઇન્ડીયન એટલે અછુતજ ગણે છે. તેઓમાં પણ જાતિ તફાવત ને ભેદ, મોટો છે. પૂર્ણ સમાનતા નથી. ઇન્ડીયન ખ્રિસ્તીઓનું મંદીર જુદું ને યુરોપીયન દેવળ જુદું. એ યુરોપીયન દેવળમાં પ્રાર્થના કરવાનો હક્ક તેમને નથી, ત્યારે કયો ધર્મ એવો છે કે—તેમાં દાખલ થતાંજ તે ધર્મના માણસો સર્વ હકકો આપવા તૈયાર થઇ જાય છે. અને જાતિ ભેદભાવ જેઓમાં

જરાએ નથી. અને જે ધર્મમાં દાખલ થતાંજ તેના અનુયાયીઓ નવા માણસને પોતાનો ભાઇ લેખે છે. અને જેમાં કાળી, ગોરી. પીળી કે લાલ, ચામડીનો ભેદ નથી. અફગાની, તુર્કી, ઇરાની, અરબી, અંગ્રેજી, હિન્દી, અમીર કે ફકીર એકજ હારમાં ઉભા રહી ભેદભાવ વિના પ્રાર્થના કરે છે. એવો ધર્મ તે કયો છે? એવો ધર્મ તે મારી નજરમાં વિશ્વધર્મ ઇસ્લામ છે. ઇસ્લામજ એવો સ્વભાવિક ધર્મ છે કે, જે અંત્યજોનો સર્વ રીતે જીવન ઉદ્ધાર કરનાર છે. એ ઇસ્લામના ભાઇચારામાં આપણે કેમ દાખલ થવું જોઇએ. કારણ કે એના ભાઈચારામાં દાખલ થવાથી આર્થિક, સામાજીક, રાજદ્વારી, અને ધાર્મિક ફાયદાઓ જે બીજા ધર્મોમાં છે તેના કરતાં એમાં વધારે છે. હવે આપણે ઇસ્લામ ધર્મના ફાયદા જોઇએ.

ઇસ્લામના સામાજીક ફાયદા.

ઇસ્લામના ફાયદા તો અગણિત છે. એ બધા લખવામાં આવે તો એક મહાન પુસ્તકની જરૂર છે. પરંતુ સ્થળ સંકોચને લઇને હું અત્રે થોડાકજ ટાંકું છું.

(૧) ઇસ્લામી થતાંજ છુત છાતનો સવાલજ ઉડી જશે. હિંદુઓ તમને પછી ન કુવે કનડી શકે છે. કે ન રેલના ડબ્બામાં કે રસ્તામાં તમારૂં અપમાન કરી શકે.

(૨) મુસલમાન થતાંજ તમે ૪૦ ચાળીસ કરોડ મુસ્લીમોના ભાઇ થઇ ગયા. ૪૦ કરોડના ભાઇચારામાં જોડાયા કે, જે ભાઇચારામાં મોટા સ્વતંત્ર બાદશાહો છે. તુર્કી રિપબ્લીકના પ્રમુખ મહાન ગાઝી કમાલપાશા, અફગાનિસ્તાનના અમીર ગાઝી અમાનુલ્લાહ, ઇરાનના શાહ રઝાખાન પહેલવી, અને હિજાજના અરબ વીર, ઇબ્ને સઉદ જેવા નામાંકિત નરોના તમે ઇસ્લામી ભાઇ બનશો.

(૩) ઇસ્લામ ધારણ કરતાંજ ધાર્મિક તાલીમ માટે મદરસા, ઉર્દુ, અરબી, અંગ્રેજી, ગુજરાતી કેળવણી માટે સંસ્થાઓ તૈયાર છે. વળી ગરીબ વર્ગને માટે ખાવા પીવા રહેવા વિગેરેની વ્યવસ્થા સહીત મોટી મોટી બોર્ડિંગો ને હાઇસ્કુલો રાંદેર, મુંબઇ જેવાં ધનાઢ્ય ગામમાં ને શહેરોમાં તૈયાર છે.

(૪) ઇસ્લામ આજે સર્વ દુનિયાંના દરેક ભાગોમાં ફેલાયલો છે. અને દરેક ઠેકાણે મુસ્લીમો વસે છે માટે કોઇ પણ સ્થળેના લોકોમાં વસવાટ કરી રહેવામાં વાંધો આવતો નથી, પરંતુ દરેક તરેહની મદદ ઇસ્લામી સમાજ તરફથી મળે છે.

(૫) ઇસ્લામી સમાજમાં કોઇ જાત નાતનો તફાવત ગોરી, કાળી, ચામડીનો ભેદ ન હોવાથી કોઈ પણ મુલકના

કોઇ પણ વર્ગના માણસો સાથે સ્વતંત્રપણે ભેળસેળ થઇ શકાય છે. આજે જો કોઇ ગેર મુસ્લીમ ઇસ્લામ ધારણ કરે છે તો મુસ્લીમો સાથે વગર સંકોચે છુટથી રોટી વ્યવહાર અને અનુકુળ સંજોગોમાં બેટી વ્યવહાર પણ થઇ શકે છે. મુસ્લીમો નવમુસ્લીમો સાથે છુટથી દરેક તરેહનો સામાજીક વ્યવહાર રાખે છે. ઇસ્લામજ એક એવો ધર્મ છે કે, જેના વર્તુલમાં જેટલા લોકો દાખલ થતા જાય તેટલા સર્વે એકજ માબાપની ઓલાદ કે એકજ કુટુંબીનોજ બનતા જાય છે. ઇસ્લામનું શિક્ષણ એ છે કે, માણસ દૌલતના લીધે પોતાને મોટો કે ઇઝઝતદાર ન સમજે. ઇસ્લામમાં માનને મોટાઇ કેવળ પરહેજગારી, મોટી વયં, કે, વિદ્યાનેજ છે. એક ઘડીમાં ખુનાજંગી કરનારી સ્વાર્થી અને નિર્બળ, અરબ કોમને, મોહમ્મદ પેગંબર (સલ૦) સાહેબે એવી રીતે આજ ઇસ્લામી ભાઇચારાની સાંકળમાં મજબુત જકડીને તેઓને દેવાંગ સ્વરૂપ ગુણાચરણવાળી બળવાન કોમ બનાવી દીધી.

હે મારા અંત્યજ ભાઇઓ ? જુઓ તમે પણ એ ઇસ્લામી ધર્મમાં એકવાર દાખલ થઇ જાઓ. પછી જુઓ તમારી સામાજીક દશા કેવી સુંદર બને છે ? એક ઇસ્લામજ એવો ધર્મ છે કે, તમને સામાજીક અધોગતિમાંથી કહાડી ઉંચ સ્થાને પહોંચાડશે, અને તમારાં અપમાનનાં સર્વ દ્વાર બંધ થઇ જશે તો મારા અંત્યજ ભાઇઓ હવે કુંભકર્ણની

નિંદ્રામાંથી જાગૃત થાઓ અને તમારી ઔલાદ અને કોમને હિંદુ ધર્મની ક્રુરતા અને હિંદુ જાતીના જુલ્મથી ઉગારો. ક્યાં સુધી તમે અપમાન સહન કર્યા કરશો? આર્યો પાસે તો ચાવવાના દાંત જુદા છે અને બતાવવાના જુદા છે. એઓના ભરોસે તમે અંત્યજ રહ્યા તો તમે અધોગતિમાંજ રહેશો અને તમારા ભાવી પ્રજાનું તમે કંઇ પણ કલ્યાણ ન કરી શકશો પણ તેમને તમામ હિંદુઓની ક્રુરતાના ભોગ બનાવશો.

અંત્યજો મટી ઇસ્લામી થવાથી રાજદ્વારી લાભ.

ઇસ્લામના સામાજીક લાભોમાંથી તમે થોડાક જોયા. હવે તમે રાજદ્વારી ફાયદા પણ જોઇ લ્યો. હિંદુસ્તાનમાં અંત્યજ કોમ ૬ કરોડની છે અને મુસલમાનોની સંખ્યા ૭-૮ કરોડની છે. માટે જો તમે ઇસ્લામ ધારણ કરશો તો તમારી વસ્તી હિંદમાં ૧૪-૧૫ કરોડની થઇ જશે માટે હિંદમાં વધુ મતો તમારાજ રહેશે, આજકાલ હક્કોની પ્રાપ્તીનો આધાર સર્વ વધુમતિપર રહ્યો છે તમારી વધુમતિ થશે ત્યારે ધારાસભામાં પણ તમારી વિરહાક વાગશે મોટા હોદ્દાઓના માલિક તમે ગણાશો. અને દેશના કારભારમાં તમારો હાથ ગણાશે. સ્વરાજ મળતાં તમે તમારા હક્કો બરાબર જાળવી શકશો. પછી વધુમતિ જ્યારે તમારી છે. તો સ્વરાજ્ય પણ તમારૂંજ થશે. અને જો અંત્યજ રહ્યા

ત્યારે તો એ હિંદુ જાતિ તમારાપર કોણ જાણે શું શું અત્યાચારો કરશે ?

અંગ્રેજી રાજ છત્રતળે એ લોકો જયારે આપણને મનુષ્ય હક્ક આપતા નથી. તો સ્વરાજ્ય મળતાં એ લોકો આપણને ગુલામ કે કુતરાં બિલાડાંથી પણ નિચ અધોગતિએ પહોંચાડશે. યાદ રાખો કે ઇસ્લામની પ્રવૃતી હિંદમાં દિનપ્રતિદીન વધતીજ જાય છે. છેલ્લાં દશ વર્ષમાં તેઓની સંખ્યામાં ૧ ક્રોડનો વધારો થયાની વાત છાપાઓમા તમે વાંચી હશે, માટે અંત્યજો જો ઇસ્લામનો ભાઇચારો સ્વીકારી લે તો અંત્યજોનો ઉદ્ધાર થાય એમાં કશો શક નથી.

આર્થિક લાભો.

ઇસ્લામી ધર્મ સ્વીકારવાથી તમને કોઇ ખર્ચના ખાડામાં ઉતરવું પડતું નથી એની ક્રિયા ઘણી સહેલી છે. ઇસ્લામી થવાથી તમને કોઇ આર્થિક નુકસાન નથી ઉલટું આર્થિક ફાયદા છે.

હાલ આપણા અંત્યજ ભાઇઓમાં જે દારૂતાડી વગેરેનાં વ્યસનોએ આપણી કફોડી સ્થિતી કરી છે. તે ઇસ્લામી શિક્ષણના અસરથી અને વિદ્વાનોના ભાષણો બોધથી તે વ્યસન આપણી કોમમાંથી નષ્ટ થશે. એટલે જે ફોકટમાં હજારો

રૂપીઆ જીવલેણ વ્યસન પાછળ ખરચાતા બચી જશે તેમજ જે આપણી જાતિમાં લગ્ન, મરણ પ્રસંગે ખોટા રિવાજો અને ન્યાતી બંધનોના ભોગ થઇ હજારો રૂપીયાનો ધુમાડો ઉડે છે ને શાહુકારોના કરઝદાર થવું પડે છે. તે ઈસ્લામી થવાથી ઇસ્લામના સાદા અને સરળ લગ્ન મરણના રિવાજોના પ્રતાપે એ નકામા ખર્ચથી આપણે બચી શકીશું અને એ બચેલા પૈસાથી આપણે આપણી ભાવી પ્રજાને હુન્નર વિદ્યા શિખાડી ઉન્નતિના ઉંચ સ્થાને પહોંચાડી શકીશું.

ધાર્મિક ફાયદા.

ઇસ્લામ ધર્મના કાનુનો ઘણા સરળ, સાદા અને ઉત્તમ છે. બીજા સર્વે ધર્મોમાં જે ખુબીઓ છે તે સર્વ ઈસ્લામમાં છે પરંતુ ઇસ્લામની ખૂબી એ છે કે, બીજા ધર્મોમાં જે એબો ત્રુટીયો છે તેનાથી ઈસ્લામ પાક છે. ખ્રિસ્તીઓ ત્રણ ખુદાને માને છે. આર્યો પરમેશ્વરની સાથે બીજા બે ખુદા માને છે. સનાતનીઓના તો પત્થર તેટલા દેવને તેટલા ખુદા છે. પરંતુ ઇસ્લામજ એક એવો ધર્મ છે કે જે એકજ ખુદાને માને છે કે જે સર્વ શક્તિમાન, સર્વ વ્યાપી સર્વજ્ઞ કૃપાળુ છે.

હિન્દુ કે આર્ય ધર્મ પૂર્નજન્મના સિદ્ધાંતને માને છે એ માન્યતાથી માણસને કુતરાં, બિલાડાં, ખચ્ચર, જીવજંતુ,

કીડા, મકોડાના, ખોલીયામાં માણુસને પોતાના કર્મ પ્રમાણે જવું પડે છે. ટુંકમાં હિંદુ માન્યતાથી તો માણુસને ચોરાસી હજાર યોનિમાં જવું પડે છે. આર્ય મહાશયો તો માને છે કે માણુસનાં પાપ કદી માફ થતાં નથી, પણ તેને તે માટે કોઇ જીવજંતુના, હલકા જીવનમાં જવુંજ પડશે. આથી ઉલટું ઇસ્લામનું શિક્ષણ તપાસો. ઇસ્લામના કાનુન પ્રમાણે માણુસને મરવા પછી પોતાના સારા માઠાં કર્મનો હિસાબ આપવા કયામતના દિવસે ઉભા થવું પડશે અને પોતાના સારા કે નઠારા કર્મોની અનુક્રમે બક્ષિસ કે સજા મળશે. વળી બતાવ્યું છે કે ખુદા ગફુરર-રહીમ (માફી આપનારો) છે તે જો તમે ગમે તેવાં મહાપાપ કર્યાં હશે છતાં તમે ખરા દિલથી તેને માટે તવબા (પશ્ચાતાપ) કરશો તો ખુદા તે માફ કરી દેશે. તો શું મારા અત્યંજ ભાઇઓ તમે ચોરાસી હજાર યોનિમાં જવું પસંદ કરો છો કે ચોર્યાસી ફેરા ટાળવા, મોક્ષ મેળવવા, ઇસ્લામના કાનુન પર ચાલવા ઇચ્છો છો ?

આજે મહાન ધુરંધર અંગ્રેજ, જર્મન, અમેરિકન, વિદ્વાનો, વિલાયતના, લોર્ડ હેડલી જેવા કેટલાક લોર્ડ ઉમરાવો શા માટે ઇસ્લામ ધારણ કરી રહ્યા છે ? એજ માટે કે, ઇસ્લામજ એક એવો ધર્મ છે કે જે આ લોકને પરલોકનું જીવન સુખમય બનાવી અને બન્ને જીંદગીનો

ઉધ્ધાર કરી શકે છે, તો ભાઇઓ આ બધું યાદ રાખો અને ઈસ્લામનો સાચો સ્વાદ ચાખો. અંતે હું મારા અંત્યજ ભાઇઓમાં જેઓ ઉંચ કેળવાયેલાને આગેવાન પુરૂષો છે તેમને નમ્ર વિનંતી કરીશ કે આપણી કોમનો મોટો ભાગ તો અભણ છે માટે આપણી જાતિના ઉધ્ધાર માટે તમારે આગળ આવવું જોઇએ. જ્યાં સુધી તમે આગળ વધશો નહિં ત્યાં સુધી કંઈ કાર્ય થઈ શકતું નથી. આગેવાન ભાઇઓને હું વિનવીશ કે તેઓ મારા આ સંદેશ પર ધ્યાન ધરી એકાંતમાં નમન કરે અને હિન્દુ જાતિના અન્યાય પર અને આપણી જાતિની દુખદ દશા પર વિચાર કરે. હે આગેવાનો! વિચાર કરી એક નિર્ણય પર આવો કે આપણી અંત્યજ કોમની કાયા કેવી રીતે પલટાઈ શકાય ?

તમને ઇસ્લામના વર્તુલમાં દાખલ થવા કરેલું આમંત્રણ જો તમને વ્યાજબી લાગે અને તમને એ તમારી ફરજ ગણાય કે આ આમંત્રણ સ્વીકારવું જોઇએ તો તમારા માટે રાંદેર મેહફીલે ઇસ્લામ કુતુબખાનાના દાવતુલ ઇસ્લામના દ્વાર ખુલ્લા છે. તમો જાતે અહીંયા પધારી અમારી સાથે વાટાઘાટ કરી શકો છો અથવા પત્ર વ્યવહાર કરી શકો છો. ઈસ્લામનું આમંત્રણ સ્વીકારતાં જે મુશ્કેલીઓ અને જે અડચણો નડતી હશે તેનો નિર્ણય રૂબરૂ કે પત્રવ્હેવારથી રાંદેર મેહફીલે

ઇસલામ કુતુબખાનાના હાવતુલ ઇસલામના સેક્રેટરી સાહેબ આગળ થઇ શકે છે. અને બધી નડતરો દૂર કરી પુરી વ્યવસ્થા થઇ શકે છે.

અંતે હું કૃપાળુ ખુદા આગળ દુઆ કરીશ કે મારા અંત્યજ ભાઇઓને સીધો માર્ગ સૂચવે અને તેમના આગેવાનોને હિમ્મત આપે કે તેઓ આગળ વધી ઇસ્લામી આમંત્રણ સ્વીકારી પોતાની કોમનો ઉદ્ધાર કરે આમીન.

લી૦ કૌમી સેવક,

ખુશાલભાઈ જાધવ વિસનગરવાળા.

(તે હાલ મોહંમ્મદ અમીન માસ્તર)

રાંદેર જીલ્લે સુરત.

મુ. તા. ૭-૩-૪૬ હી. તા. ૩-૯-૨૭ઇસ્વી.

લેખક અને પ્રકાશક.

રાંદેર મેહફીલે ઇસલામ કુતુબખાના.

